## ન.શ.- પ્ર.સ.પ. સત્તા પ્રકારની જમીન બિન ખેતીના હેતુ માટે ઉપયોગ કરવા તથા વેચાણ કરવા બાબત

(અ) પ્રતિબંધક સત્તા પ્રકારની/નવી શરતની જમીન બિનખેતીના ઉપયોગ માટે તબદીલ કરવા અથવા જાતે ઉપયોગ કરવા માંગતા ખાતેદારો.

(૧) કલેકટરશ્રીને અરજી કરવાની રહે. અરજી સાથે ૭/૧૨ની નકલ તથા બિનખેતીનો શું ઉપયોગ કરવાનો છે, કોને જમીન વેચવાની છે તેની વિગતો જણાવવી રહે.

અરજી મામલતદારશ્રીને તપાસમાં મોકલી મામલતદારશ્રીએ વિગતે જવાબ કરી પ્રાંત અધિકારીશ્રી મારફતે અત્રે અહેવાલ મોકલવાનો થાય. પ્રાંત અધિકારીશ્રીનો અહેવાલ આવ્યા બાદ કલેકટરશ્રીએ ૨૦ વર્ષ કરતાં વધારે સમયથી કરવાનો હોય તેવા ખાતેદારોને જમીનની બજાર કિંમત, એલ.આર.સી.માં જમા કરાવી ૭૦% મુજબ પ્રિમિયમ વસુલ લઇ મંજુરી આપવાની રહે. ૨૦ વર્ષ કરતાં ઓછો કબજો હોય, શહેરી વિસ્તારની જમીન હોય તેવા કેસોમાં સરકારશ્રીની મંજૂરી મળે દરખાસ્ત કરવાની થાય છે.